**<u>ક્રીમીનલ કેસ નં.                    /2025</u>**

**<u>ચાર્જશીટ નીચે હુકમ::-</u>**

(૧) આ કામના આરોપી સામે જી.પી એક્ટની કલમ-૧૧૦,૧૧૭ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો આચરવાનો આક્ષેપ છે. આરોપીને કેસ પેપર્સની નકલો મળી ગયાની ખાતરી કરી તેમના વિરૂધ્ધના ગુન્હાની હકીકત વાંચી, સંભળાવી ગુના સબબની પ્લી લેતા ઉપરોકત આરોપીએ પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનુ જણાવી, આરોપીએ અલગથી ગુના કબુલાત પુરસીસ પણ આ કામે રજુ કરેલ છે.

(૨) સદર કામના કેસ પેપર્સ વંચાણે લીધા. કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લીધી. આરોપીની ગુન્હા કબુલાત અને તે અંગેની પુરસીસ વંચાણે લીધી. તેમજ ***નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવરચંદ હરચંદજી ઠાકોર, ૨૦૦૫(૧), જી.એલ.આર. પાના નં.૭૦૯ તેમજ રમેશચંદ્ર ભીખાલાલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ૨૦૧૩(૨) જી.એલ.આર. પાના નં.૯૭૭*** ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદાઓ વંચાણે લીધા. સદર કામે આરોપીએ ગુન્હાની કબુલાત આપેલ છે, જે તેમની સ્વેચ્છાપુર્વક અને કોઈપણ પ્રકારના દબાણ વગર આપેલ છે. આમ, આરોપીની સ્વેચ્છાપુર્વકની કબુલાત તેમજ કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ધ્યાને લેતાં, આરોપીની કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. વધુમાં નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા ઉપરોક્ત બંને ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતો ધ્યાને લેતા તથા કેસના સંજોગો ધ્યાને લેતાં આરોપીને કાયદામાં જણાવેલી સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને સચવાશે તેવુ આ અદાલતનુ નમ્રપણે માનવુ છે. જેથી, ઉપરોક્ત તમામ હકીકતો અને સંજોગો લક્ષમાં લેતાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>।। હુકમ ।।</u>**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૫ અન્વયે જી.પી એક્ટની કલમ-૧૧૦,૧૧૭ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં તકસીરવાન ઠરાવી જી.પી એક્ટની કલમ- ૧૧૦,૧૧૭ મુજબના ગુન્હાના ભંગ બદલ **રૂ.૧૦૦/-(અંકે રૂપીયા એકસો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન-૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૦૮** માહે **માર્ચ** સને **૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

તા. ૦૮/૦૩/૨૦૨૫.
સુરત.

(વિષ્ણુ ડી. દવે)
**છઠ્ઠા એડી. જ્યુ.મે.ફ.ક.સુરત.**
**જજ કોડ નં. જીજે ૦૧૬૪૬**

| | |
|---|---|
| Rs.૧૦૦/- | |
| R. No. | |